**ફોજદારી કેસ નં.૧૩૭૮૭/૨૦૨૫**

# અમદાવાદ (રુરલ)ના આઠમા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં

**આંક –**

ફરીયાદી : શ્રી સ ર કા ર

વિ રૂ દ્ધ.

આરોપી : મહેશજી ઉર્ફે મકો કાનાજી ઠાકોર

**ગુન્હો :- એમ.વી.એકટ કલમ ૧૮૫ તથા ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧) (બી) મુજબ**

(૧) ફરીયાદ પક્ષે આરોપી વિરુઘ્ધ એમ.વી.એકટ કલમ ૧૮૫ તથા ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧) (બી) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ સ્થળે અને સમયે અને તારીખે પોતાના કબજાનું વાહન નશો કરેલી હાલતમાં બેદરકારીભરી રીતે ચલાવી આવી પકડાઈ જઈ ગુનો કરેલ છે.

(૩) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતા તેઓની પ્લી લેવામાં આવતા તેમાં તેઓએ ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપીની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ઘ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીએ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું

અને આરોપીની આર્થીક અને સામાજીક પરિસ્થિતી ધ્યાને લેતા તેમજ પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ:

૧) આરોપીને એમ.વી.એકટ કલમ ૧૮૫ તથા ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧) (બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ અને દંડ ન ભરે તો વિકલ્પે ૩ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

૨) મુદ્દામાલ વાહન અંગે અગાઉ થયેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલ વાહનના માલીકીની ખરાઈ કરી તેના માલીકને પરત કરવો.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી આજરોજ સ્પે.સીટીંગ /નેશનલ લોકઅદાલતમાં જાહેર કર્યો.

તા.૧૨/૦૭/૨૦૨૫<br>
સ્થળ:- નવરંગપુરા, અમદાવાદ

(ડી.એમ.બાવીશી)<br>
આઠમા એડી.ચીફ જયુડી.મેજી.<br>
અમદાવાદ(ગ્રામ્ય), નવરંગપુરા<br>
UIC NO GJ 01380

જી.એસ. મકવાણા